# દક્ષિણ-પશ્ચિમ મોનસુનની કેરળમાં એન્ટ્રી

## થિરુવનંતપુરમ અને કોલ્લામમાં અતિભારે વરસાદ : જૂનના અંત સુધી ઉત્તર ભારત સુધી મોનસુન પહોંચે તેવા સંકેત

થિરુવનંતપુરમ,તા. ૫

કેરળમાં દક્ષિણ પશ્ચિમ મોનસુન બેસી જવાની હવામાન વિભાગ દ્વારા આખરે જાહેરાત કરી દેવામાં આવી છે. નિર્ધારિત સમય કરતા પાંચ દિવસ મોડેથી કેરળમાં દક્ષિણ પશ્ચિમ મોનસુનની એન્ટ્રી થઇ ગઇ છે. શુક્રવાર સવારથી જ કેરળમાં જોરદાર વરસાદ થઇ રહ્યો છે. હવે આ મોનસુન કર્ણાટક અને તમિળનાડુની તરફ વધશે. હવામાન વિભાગે કેરળમાં મોનસુનની એન્ટ્રીની જાહેરાત પણ કરી દીધી છે. કેરળના અનેક વિસ્તારોમાં આજે સવારથી જ જોરદાર વરસાદ શરૂ થયો હતો. આ અગાઉ ગુરુવારે રાત્રે કર્ણાટક અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાયલસીમા, તમિળનાડુમાં અનેક જગ્યાઓ ઉપર ગાજવીજ સાથે વરસાદ થયો હતો. કેરળમાં આજે વરસાદની ગતિમાં તેજી આવી હતી. દક્ષિણ પૂર્વ અરબી દરિયામાં ફુંકાઇ રહેલા પવનના લીધે પણ વરસાદની ગતિ તીવ્ર બની હતી. આ સ્થિતિ કેરળમાં એન્ટ્રી કરનાર દક્ષિણ પશ્ચિમ મોનસુન માટે યોગ્ય રહે છે. કેરળમાં પહેલા ૩૦મી જૂનના દિવસે મોનસુન પહોંચી જવાની આગાહી કરાઇ હતી પરંતુ મોડેથી તેમાં સુધારો કરીને અંદાજિત તારીખ પાંચમી જૂન દર્શાવવામાં આવી હતી. મોનસુન કેરળમાં પહોંચી ગયા બાદ જૂનના અંત સુધી સમગ્ર ઉત્તર ભારતમાં પહોંચી જાય તેવી શક્યતા છે. આજે સવારથી જ થિરુવનંતપુરમ અને કોલ્લામ વિસ્તારમાં ભારે વરસાદ થઇ રહ્યો છે. દક્ષિણ પશ્ચિમ મોનસુનની ધડાકા સાથે એન્ટ્રી થઇ છે. કોચીમાં સત્તાવાળાઓએ સાવચેતીના પગલા લેવાની શરૂઆત કરી દીધી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મોનસુની વરસાદ હવે સમગ્ર દક્ષિણ અરેબિયન દરિયા તરફ આગળ વધશે. દક્ષિણ પશ્ચિમ મોનસુન અન્ય વિસ્તારો પણ આગળ વધી શકે છે. આગામી ૪૮ કલાક દરમિયાન ઉત્તર પૂર્વ રાજ્યોના ઘણા દક્ષિણી ભાગોમાં એન્ટ્રી થઇ શકે છે. કેરળમાં મોનસુન બેસી જવા માટે ૧૪ વરસાદી મોનિટરિંગ સ્ટેશનો પૈકી તમામે કહ્યું છે કે, વરસાદની શરૂઆત થઇ છે. મોનસુન હવે જૂનના અંત સુધી ઉત્તર ભારતને આવરી લેશે અને સારો વરસાદ થઇ શકે છે. જો કે, હવામાન વિભાગે હાલમાં જ કહ્યું હતું કે, આ વખતે સામાન્ય કરતા ઓછો વરસાદ રહેશે અને ૮૮ ટકા સુધી વરસાદ રહેવાની વાત કરવામાં આવતા ઘણા રાજ્યોમાં દુષ્કાળનો ખતરો તોળાઇ રહ્યો છે.



## મણિપુરમાં બળવાખોરોને પકડવા કોમ્બિંગ

ઇમ્ફાલ,તા. ૫

મણિપુરના ચંડેલ જિલ્લામાં ભારતીય સેનાના છ ડોગરા રેજિમેન્ટના કાફલા ઉપર ભીષણ હુમલો કરવામાં આવ્યાના એક દિવસ બાદ અભૂતપૂર્વ કોમ્બિંગ ઓપરેશન બળવાખોરોને પકડી પાડવા માટે હાથ ધરવામાં આવ્યું છે. ભારતીય સેનાના અધિકારીઓ પણ આમા જોડાયા છે. બીજી બાજુ શહીદ થયેલા જવાનોને આજે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ચંડેલ જિલ્લાના વિસ્તારોમાં બળવાખોરોને પકડી પાડવા અને તેમનો ખાતમો બોલાવવા જોરદાર ઓપરેશન ચાલી રહ્યું છે.સેના અને આસામ રાયફલના જવાનો જુદા જુદા વિસ્તારમાં ઓપરેશન ચલાવી રહ્યા છે. પારાલોંગ, ચારોંગ, મોલતુ અને અન્ય કેટલાક વિસ્તારોનો સમાવેશ થાય છે. દરમિયાન ત્રણ બળવાખોર સંગઠનોએ સેનાના કાફલા ઉપર કરવામાં આવેલા ગઇકાલના હુમલાની જવાબદારી લીધી છે જેમાં એનએસસીએન-કે, કેંગલી અને કેસીપીનો સમાવેશ થાય છે. મણિપુરમાં સેનાના કાફલા પર ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ હચમચી ઉઠેલી અને લાલઘુમ થયેલી મોદી સરકારે હવે ઉત્તરપૂર્વમાં હિંસાને ભડકાવવા માટે જવાબદાર એનએસસીએન(કે) અને અન્ય



ત્રાસવાદી સંગઠનો સામે કાર્યવાહી કરવા સેનાને આદેશ કરી દીધો છે. નાગા બળવાખોરો સામે આગામી દિવસોમાં જોરદાર કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા દેખાઇ રહી છે. હુમલા બાદ તરત જ કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ, સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવલ તેમજ સેનાના વડા દલબીરસિંહ સુહાગની બેઠક યોજાઇ હતી. જેમાં સેનાના અન્ય ટોપના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. સરકારે આ હુમલા બાદ શુ કરવુ જોઇએ તે પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીએ કહ્યું છે કે કેન્દ્ર સરકાર હવે કઠોર અને આક્રમક વલણ અપનાવી શકે છે. નેશનલ ડેમોક્રેટિકક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ દ્વારા ભુતકાળમાં કેટલાક હુમલા કરવામાં આવી ચુક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે મણિપુરના ચંડેલ જિલ્લામાં બળવાખોરો દ્વારા કરવામાં આવેલા છુપા હુમલામાં ગઇકાલે ઓછામાં ઓછા ૨૦ જવાનો શહીદ થયા હતા અને અન્ય ૧૧ લોકો ઘાયલ થયા હતા. છ ડોગરા રેજિમેન્ટની ટીમ ચંદીગઢ પોસ્ટિંગ તરફ આવી રહી હતી ત્યારે વણઓળખાયેલા ભાંગફોડી તત્વોએ મ્યાનમાર સરહદ નજીક આ હુમલો કર્યો હતો જેમાં મોટી સંખ્યામાં જવાનો શહીદ થયા હતા. તાજેતરના સમયના આ સૌથી વિનાશક હુમલો હતો. છેલ્લા ૧૬ વર્ષમાં સૌથી પ્રચંડ હુમલા તરીકે આને જોવામાં આવે છે. ઇમ્ફાલથી આશરે ૨૦૦ કિલોમીટરના અંતરે ટેન્ગનોપાલ-નવી સમતલ રોડ ઉપર ગઇકાલે સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ આ હુમલો કરવામાં આવ્યો હતો. આઇઇડીનો હુમલો કરવામાં આવ્યો હતો.

સેનાના જવાનોને લઇને જતાં ચાર વાહનો ઉપર ગ્રેનેડો પણ ઝીંકાયા હતા. ગોળીબાર પણ કરાયો હતો. સેનાનો કાફલો પારાલોંગ અને ચારોંગ ગામ વચ્ચેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે આ હુમલો કરાયો હતો. શહીદ થયેલાઓમાં એક જુનિયર કમિશન્ડ ઓફિસર, સાત અન્ય રેન્કના ઓફિસર, એક સિગ્નલ કોન્સ્ટેબલ, એક આર્મી સર્વિસ કોર્પ ડ્રાઇવરનો સમાવેશ થાય છે.છ ડોગરા રેજિમેન્ટના કાફલા પર ખુબ આયોજનપૂર્વક હુમલો કરવામાં આવ્યો હતો.

**ઓછા વરસાદની સ્થિતિમાં ખેડૂતોને તમામ રાહતો અપાશે**

## ખેડૂતોને ડિઝલ, વિજળી અને બિયા ઉપર સબસિડી અપાશે

નવીદિલ્હી,તા. ૫

સરકારે આજે જાહેરાત કરી હતી કે, ઓછા વરસાદની સ્થિતિમાં જો પાકને નુકસાન થશે તો સરકાર ખેડૂતોને ડિઝલ, વિજળી અને બિયા ઉપર સબસિડીની ઓફર કરશે. કૃષિમંત્રી રાધામોહનસિંહે ભારતીય હવામાન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે આજે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. ભારતીય હવામાન વિભાગે આ સપ્તાહની શરૂઆતમાં જ ઓછા વરસાદની વાત કરી હતી અને અગાઉની આગાહીને ડાઉનગ્રેડ કરી હતી અને વરસાદ ૮૮ ટકા રહેશે તેવી વાત કરી હતી. વિજળી, જળ સંશાધન ગ્રામિણ વિકાસ, ખાદ્યાન્ન, ખાતર મંત્રાલય તરફથી અધિકારીઓ પણ આજે યોજાયેલી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ સિંહે કહ્યું હતું કે, અમે ગયા વર્ષની જેમજ આ વર્ષે પણ ખેડૂતોને ડિઝલ, વિજળી અને બિયા ઉપર સબસિડીની ઓફર કરીશું. દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરવા માટે સરકાર તૈયાર છે. પ્રધાને ઉમેર્યું હતું કે, સરકાર દુષ્કાળ જેવી સ્થિતિને પહોંચી વળવા તૈયારી કરી ચુકી છે. ઓછા વરસાદની સ્થિતિને હાથ ધરવા દરેક વિભાગમાં એક નોડલ અધિકારીની નિમણૂંક કરવામાં આવી ચુકી છે. કેન્દ્ર સરકાર આ વર્ષે પણ પ્રતિલીટર ૧૦ રૂપિયાની ડિઝલ સબસિડી જાળવી રાખે તેવી શક્યતા દેખાઇ રહી છે. જ્યારે બિયા ઉપર સબસિડી જુદી જુદી સ્કીમ હેઠળ ૫૦ ટકા સુધી રહી શકે છે. આવી જ રીતે સિંચાઇ માટે ખેડૂતોને મફત વિજળી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સપ્તાહની શરૂઆતમાં જ સિંહે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર ૫૮૦ જિલ્લાઓ માટે કોન્ટીજેન્સી પ્લાન તૈયાર કરી ચુકી છે. જુદા જુદા રાજ્યો અને કૃષિ રિસર્ચ સંસ્થાઓ સાથે તે સંપર્કમાં છે. નવી પાક વિમા યોજના પણ આ વર્ષે લાવવામાં આવનાર છે જે ખેડૂતોની આવકને બચાવશે. કેન્દ્ર સરકાર સ્થાનિક સપ્લાયની સ્થિતિને સુધારવા કઠોળની આયાત કરી શકે છે. કઠોળની કિંમતો ન વધે તે માટે પણ પગલા લેવાઇ રહ્યા છે. બીજી જૂનના દિવસે ભારતીય હવામાન વિભાગે વરસાદ માટેની આગાહીને સુધારી હતી અને ૯૩ ટકાના બદલે ૮૮ ટકા વરસાદ થવાની વાત કરી હતી. ગયા વર્ષે દેશમાં ૧૨ ટકા ઓછો વરસાદ થયો હતો જેના કારણે અનાજ, કપાસ અને તેલિબિયાના ઉત્પાદન ઉપર માઠી અસર થઇ હતી. કૃષિ અને સંબંધિત સેક્ટરમાં ગ્રોથનો આંકડો ૨૦૧૪-૧૫ના વર્ષમાં માત્ર ૦.૨ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૧૪-૧૫ના પાક વર્ષમાં અનાજ ઉત્પાદન ઘટીને ૨૫૧.૧૨ મિલિયન ટન રહ્યું હતું. કેરળના અનેક વિસ્તારોમાં આજે સવારથી જ જોરદાર વરસાદ શરૂ થયો હતો. આ અગાઉ ગુરુવારે રાત્રે કર્ણાટક અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાયલસીમા, તમિળનાડુમાં અનેક જગ્યાઓ ઉપર ગાજવીજ સાથે વરસાદ થયો હતો. કેરળમાં આજે વરસાદની ગતિમાં તેજી આવી હતી. દક્ષિણ પૂર્વ અરબી દરિયામાં ફુંકાઇ રહેલા પવનના લીધે પણ વરસાદની ગતિ તીવ્ર બની હતી. આ સ્થિતિ કેરળમાં એન્ટ્રી કરનાર દક્ષિણ પશ્ચિમ મોનસુન માટે યોગ્ય રહે છે. કેરળમાં પહેલા ૩૦મી જૂનના દિવસે મોનસુન પહોંચી જવાની આગાહી કરાઇ હતી પરંતુ મોડેથી તેમાં સુધારો કરીને અંદાજિત તારીખ પાંચમી જૂન દર્શાવવામાં આવી હતી. બીજી બાજુ હવામાન વિભાગ અને સ્કાયમેટની વરસાદને લઇને જુદી જુદી આગાહી થઇ છે. જેના કારણે ખેંચતાણ અને અટકળોનો દોર ચાલી રહ્યો છે.

## મેગી વિવાદ : ફુડ સેફટી અંગે કોઇ જ બાંધછોડ કરવાનો સ્પષ્ટ ઇન્કાર

નવીદિલ્હી,તા. ૫

મેગી નૂડલ્સ વિવાદ અંગે કેન્દ્રીય આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જુદી જુદી રાજ્ય સરકારો પાસેથી માહિતી મળ્યા બાદ અમે એવા તારણ ઉપર પહોંચ્યા છે કે, એફએસએસએઆઇના ધારાધોરણ મેગી દ્વારા પાળવામાં આવ્યા નથી. મેગી નૂડલ્સની નવ વેરાઇટી બિનસુરક્ષિત દેખાઇ છે જેથી માર્કેટમાંથી પરત ખેંચવામાં આવી રહી છે. કેન્દ્રીય આરોગ્યમંત્રી જેપી નડ્ડાએ મેગીના મુદ્દા ઉપર વાત કરતા કહ્યું હતું કે, ખાદ્યાન્ન ચીજવસ્તુઓની સુરક્ષાના મામલે કોઇ બાંધછોડ કરવામાં આવશે નહીં. ફુડ સિક્યુરિટીના તમામ ધારાધોરણ જાળવવામાં આવશે. મેગીનો મામલો ઉત્તરાખંડ હાઇકોર્ટમાં પણ પહોંચ્યો છે. નેસ્લેએ હાઇકોર્ટમાં અપીલ કરીને મેગી ઉપર ત્રણ મહિનાના પ્રતિબંધ લાદવાના સરકાર સામે જવાબની માંગ કરી છે. બીજી બાજુ રિલાયન્સ રિટેલ દ્વારા ૨૦૦થી પણ વધુ શહેરોમાં ૨૬૨૧ સ્ટોરમાંથી તમામ ૧૧ ઇન્સ્ટન્ટ નૂડલ્સની બ્રાન્ડ પરત ખેંચી લીધી છે. એફએસએસએઆઇ દ્વારા નેસ્લેને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે અને નૂડલ્સની નવ વેરાઇટીને પરત કેમ ખેંચી ન લેવી જોઇએ તે અંગે

### પશ્ચિમ બંગાળમાં મેગી પર પ્રતિબંધ નહીં મુકાય

કોલકાતા,તા. ૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ મેગીને લઇને ચાલી રહેલા વિવાદ વચ્ચે આજે મેગી ઉપર પ્રતિબંધ મુકવાનો ઇન્કાર કરીને તમામને ચોંકાવી દીધા છે.

મમતાએ કહ્યું છે કે, તેમના રાજ્યમાં લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા બાદ નૂડલ્સમાં કોઇ પણ વાંધાજનક વસ્તુ મળી નથી. આજકારણસર પશ્ચિમ બંગાળમાં પ્રતિબંધ મુકવામાં આવશે નહીં જુદા જુદા રાજ્યો મેગી નૂડલ્સ ઉપર પ્રતિબંધ મુકી રહ્યા છે ત્યારે પશ્ચિમ બંગાળે પ્રતિબંધ મુકવાનો ઇન્કાર કરી દીધો છે. પશ્ચિમ બંગાળની હિલચાલ સામે અન્ય કોઇ રાજ્યોએ પ્રતિક્રિયા આપી નથી પરંતુ ગઇકાલે જ કેન્દ્રીય ખાદ્યાન્ન મંત્રી રામવિલાસ પાસવાને કહ્યું હતું કે, મેગીમાં જો નુકસાનકારક ઘટકો મળી આવે તો તેના ઉપર પ્રતિબંધ મુકવા રાજ્યો સ્વતંત્ર છે.




જવાબની માંગ કરી છે.

નેસ્લે દ્વારા લેબલિંગ ધારાધોરણોનો ખુલ્લો ભંગ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હી બાદ અન્ય ચાર રાજ્ય ગુજરાત, તમિળનાડુ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં મેગી નુડલ્સ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. તેમાં મોનોસોડિયમ ગ્લુટામેટ અને લીડનુ પ્રમાણ નક્કી કરવામા આવેલા પ્રમાણ કરતા વધારે રહેતા આ નિર્ણય કરાયો હતો. તમિળડનાડુ, ઉત્તરાખંડમાં નેસ્લે પર ત્રણ મહિના માટે બ્રેક મુકવામાં આવી છે. જ્યારે ગુજરાતમાં એક મહિના માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ફુડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા નુડલ્સ પેકીંગના ૪૦ નમૂનાઓ લેવામાં આવ્યા હતા. જે પૈકી મેગીના ૩૭ તથા અન્ય ઉત્પાદકના ૩ નમૂના પરિક્ષણ માટે લેવામાં આવ્યા હતા. જે પૈકી મેગીના ૧૪ નમૂનાઓમાં સીસાનું પ્રમાણ નીર્ધારીત માત્રા કરતા વધારે જણાઇ આવ્યું હતુ. અને ૨૯ નમૂનાના પરિણામોમાં એમ.એસ.જી (મોનોસોડીયમ ગ્લુટામેટ, આજીનો મોટો) ની હાજરી જણાઇ આવી હતી. આ નમૂનાઓમાં સીસા (લીડ)ની હાજરી નિયત મર્યાદા ૨.પીપીએમ કરતા વધારે જણાતા આરોગ્ય માટે અસલામત જાહેર કરાતા પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડાર્ડ એકટની જોગવાઇ મુજબ કાયદેસરની કાર્યવાહી કોટ રાહે (દંડ અને સજા માટે) હાથ ધરવામાં આવી હતી. જ્યારે જે નમૂનામાં મફત એમ.એસ.જીની હાજરી જણાઇ હતી. તે નમૂના મીસ બ્રાન્ડેડ હોઇ, જિલ્લા કક્ષાએ એડજ્યુડીકેટીગ ઓફીસર સમક્ષ જરૂરી કાર્યવાહી માટે રજુ કરવામાં આવી રહી છે. ઉત્પાદન કંપનીઓને આ મીસ બ્રાન્ડેડ અને અનસેફ મેગી નુડલેસ તથા હક્કા નુડલ્સનો જથ્થો તાત્કાલિક ધોરણે રાજયભરમાંથી પરત ખેંચાવા ઉત્પાદકોને આદેશો કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય આરોગ્યમંત્રી જેપી નડ્ડાએ મેગી નૂડલ્સને લઇને ચાલી રહેલા વિવાદ વચ્ચે આજે જાહેરાત કરી હતી કે, મેગી નૂડલ્સની ગુણવત્તાને લઇને વિવાદ મુદ્દે તમામ રાજ્યો પાસેથી અહેવાલની માંગ કરવામાં આવી છે. છત્તીસગઢ ફુડ ડિપાર્ટમેન્ટ દ્વારા નેસ્લે કેરિંગ એન્ડ ફોરવર્ડિંગ એજન્સી ઉપર રાયપુરમાં આજે દરોડા પાડવામાં આવ્યા હતા. જુદા જુદા રાજ્યોમાં હજુ પણ તપાસ ચાલી રહી છે. મેગી મુદ્દા ઉપર ચર્ચા ચાલી રહી છે. પોન્ડીચેરી, હરિયાણા, કેરળ, અરુણાચલ પ્રદેશમાં મેગીના સેમ્પલોમાં ચકાસણી ચાલી રહી છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિળનાડુમાં પણ ફરી ચકાસણી કરાઇ રહી છે. આંધ્ર અને તેલંગાણામાં પણ આવી જ સ્થિતિ છે. મેગીને લઇને હાલમાં કોઇ વિવાદનો વહેલી તકે ઉકેલ આવે તેવી શક્યતા નથી. મેગીએ માર્કેટમાંથી સ્ટોકને ખસેડી લીધા બાદ હવે વધુ પગલા લેવાની જરૂર દેખાતી નથી. મેગીએ જથ્થો પરત ખેંચતા વાલીઓ અને બાળકોમાં પણ આને લઇને ભારે ચર્ચા છે.

## ૯મીએ કોંગ્રેસ શાષિત બધા રાજ્યોના મુખ્યમંત્રીની બેઠક

નવી દિલ્હી,તા. ૫

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ નવમી જુનના દિવસે કોંગ્રેસ શાષિત રાજ્યોના તમામ મુખ્યપ્રધાનોની બેઠક બોલાવી છે. આ બેઠકમાં કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રહેલી એનડીએ સરકાર સામે નવી રાજકીય વ્યુહરચના ઘડી કાઢવાના પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. મોદી સરકાર સામે આગામી લડાઇના મુદ્દાના પાસા પર પણ ચર્ચા કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૪માં યુનાઇટેડ



પ્રોગ્રેસીવ એલાયન્સ(યુપીએ) દ્વારા સત્તા ગુમાવી દીધા બાદ કોંગ્રેસના મુખ્યપ્રધાનોની આ પ્રથમ બેઠક રહેશે. આ બેઠકમાં માત્ર મુખ્યપ્રધાનો જ નહી બલ્કે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ, જનરલ સેક્રેટરીઅને ટોપ કાર્યકરો હાજર રહેશે. બેઠકનુ નેતૃત્વ સોનિયા ગાંધી પોતે કરનાર છે. બેઠકના એજન્ડાને લઇને કોઇ વિગત તૈયાર કરવામાં આવી નથી. પરંતુ એજન્ડાને તૈયાર કરવાની કવાયત ચાલી રહી છે. ભાજપ સરકાર સામે નવા અભિયાન કઇ રીતે આગળ વધારી દેવામાં આવે તે તમામ પાસા પર પણ ચર્ચા કરવામાં આવનાર છે. બેઠક દરમિયાન પાર્ટી કેન્દ્રના વિવાદાસ્પદ જમીન અધિગ્રહણ બિલ મુદ્દે પણ ચર્ચા કરે તેવી શક્યતા છે. સોનિયા ગાંધી ગ્રીન પીસ કાર્યકર પ્રિયા પિલ્લાઇ સહિત કેટલાક સિવિલ સોસાયટીના સભ્યોને પણ મળનાર છે. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં ઇતિહાસની કારમી હાર ખાધા બાદ કોંગ્રેસ પાર્ટી તેની સ્થિતીને સુધારવાના પ્રયાસ કરી રહી છે. હજુ સુધી રાહુલ ગાંધીએ ખેડુતોના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પાક નુકસાન, ખેડુતોની આત્મહત્યા અને મધ્યમ વર્ગના મુદ્દા રાહુલે ઉઠાવ્યા છે. સોનિયા ગાંધી ફરી એકવાર વધારે સક્રિય બન્યા છે. બિહારમાં ટુક સમયમાં ચૂંટણી પણ યોજાનાર છે.

## ચીનમાં જહાજ જળસમાધીના બનાવમાં મૃત્યુઆંક ૯૭ થયો

બેજિંગ,તા. ૫

મધ્ય ચીનમાં એશિયાની સૌથી લાંબી નદી યાંગત્સી નદીમાં યાત્રી જહાજની જળસમાધીના બનાવમાં મોતનો આંકડો વધીને ૯૭ સુધી પહોંચી ગયો છે. જહાજની જળસમાધીના એક દિવસ બાદ હજુ પણ સેંકડો લોકો લાપતા થયેલા છે. ખરાબ હવામાન અને વરસાદની પ્રતિકુળ સ્થિતી વચ્ચે પણ ૪૦૦૦થી વધારે લોકો બચાવ કામગીરીમાં લાગેલા છે. હજુ સુધી ૧૪ લોકોને બચાવી લેવામાં સફળતા મળી છે. વધુ બચી ગયેલા લોકો હજુ હાથ લાગી શકે છે તેવી આશા રહેલી છે. બચાવ કામગીરીમાં ભારે વરસાદ અડચણરૂપ છે. બચાવ અને રાહત કામગીરીમાં પોલીસ, ફાયર ફાઇટર અને સેનાના જવાનો લાગેલા છે. બનાવના દિવસે ચાર માળના આ જહાજમાં ૪૫૬ યાત્રીઓ હતા. જેમાં ૪૦૫ યાત્રીઓ અને ૪૬ ક્રુ મેમ્બરોનો સમાવેશ થાય છે. પાંચ ટુર ગાઇડ પણ હતા. મોટા ભાગના યાત્રીઓ શંગાઇના હતા.

## ફ્રેન્ચ ઓપન : સાફારોવા અને સેરેનાની વચ્ચે આજે ફાઇનલ

પેરિસ,તા. ૫

પેરિસમાં રોલેન્ડ ગેરોસ ખાતે રમાઇ રહેલી વર્ષની બીજી ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં આવતીકાલે મહિલા સિંગલ્સની ફાઇનલ મેચ રમાનાર છે. આ ફાઇનલ મેચ પ્રથમ ક્રમાંકિત કેલાડી સેરેના વિલિયમ્સ અને ચેકગણરાજ્યની ૧૩મી ક્રમાંકિત ખેલાડી સાફારોવા વચ્ચે રમાનાર છે.



લુસી સાફારોવાએ સેમિફાઇનલ મેચમાં અન્ના ઇવાનોવિક ઉપર જીત મેળવ્યા બાદ મોટો અપસેટ સર્જ્યો હતો. સાફારોવા ફ્રેન્ચ ઓપનના ઇતિહાસમાં ફાઇનલમાં પહોંચનાર ૩૪ વર્ષની પ્રથમ ચેક મહિલા ખેલાડી બની ગઇ છે. વર્ષ ૨૦૦૮માં ચેમ્પિયન બનેલી અન્ના ઇવાનોવિક ઉપર સાફારોવાએ સીધા સેટોમાં ૭-૫, ૭-૫થી જીત મેળવી હતી. હવે ફાઇનલ મેચ સેરેના વિલિયમ્સ સામે તેની કસોટી થશે. સેરેના વિલિયમ્સ વધુ એક ઇતિહાસ સર્જવા માટે સજ્જ દેખાઇ રહી છે. શરૂઆતથી જ બંને ખેલાડીઓ ઉપર દબાણ હતું પરંતુ ઇવાનોવિક ઉપર સાફારોવાએ અંતે જીત મેળવી હતી. બીજી બાજુ વિલિયમ્સ જોરદાર દેખાવ કરવા તૈયાર દેખાઇ રહી છે. સેરેના વિલિયમ્સ હજુ સંપૂર્ણપણે ફિટ નથી અને અસ્વસ્થ બનેલી છે પરંતુ તે પોતાની આ સિંગલ્સ ટ્રોફીને છોડવા માટે ઇચ્છુક નથી. સેરેના વિલિયમ્સ ૨૦મી ગ્રાન્ડસ્લેમ સિંગલ્સ ટાઇટલ તરફ કુચ કરી ચુકી છે. સેરેનાએ સેમિફાઇનલમાં સ્વીસ પાવર હિટર ટિમિયે ઉપર પ્રથમ સેટમાં હાર ખાધા બાદ ૪-૬, ૬-૩, ૬-૩થી જીત મેળવી હતી.

## તમિળનાડુ : સ્થિતી મજબુત કરવા ભાજપની તૈયારી જારી

નવી દિલ્હી,તા. ૫

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યાના એક વર્ષ બાદ હવે જુદા જુદા રાજ્યોમાં પોતાની સ્થિતીને વધુ મજબુત કરવાના પ્રયાસમાં લાગી ગઇ છે. આના ભાગરૂપે પક્ષના કાર્યકરોનો નૈતિક જુસ્સો વધારવા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. અન્નાદ્રમુકના નેતા અને મુખ્યપ્રધાન જયલલિતા અને ડીએમકેના નેતા એમકે સ્ટાલીનની સરખામણી કરી શકે તેવા નેતા તૈયાર કરવાની કવાયત ચાલી રહી છે. ભાજપની સ્થિતી તમિળનાડુમાં મજબુત થઇ છે. વર્ષ ૨૦૦૯માં ભાજપે ૧૮ બેઠકો પર ચૂંટણી લડી હતી. પરંતુ તેની મત હિસ્સેદારી વર્ષ ૨૦૧૪માં ૨.૩૪ ટકાથી વધારીને ૫.૪૮ ટકા થઇ ગઇ હતી. વર્ષ ૨૦૧૪માં માત્ર નવ ઉમેદવારો જ ઉતાર્યા હતા. પક્ષની મત હિસ્સેદારી સતત વધી રહી છે. માછીમારોની દુર્દશાને દુર કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ભાજપના નેતાઓ માને છે કે ભૂતપૂર્વ મુખ્યપ્રધાન કરૂણાનિધીના પુત્રો વચ્ચે ખેંચતાણનો ફાયદો થઇ શકે છે.

**સરબજીતની લાઇફ ઉપર ફિલ્મ બનાવાશે**

## સ્ટાર ઐશ્વર્યા દલબીરની મોટી ભૂમિકા અદા કરશે

મુંબઇ,તા. ૫

બોલીવુડની બ્યુટીક્વીન ઐશ્વર્યા રાય બચ્ચન પોતાની ઇમેજની ચિંતા કર્યા વગર હવે તેના કરતા મોટી વયની ભૂમિકા અદા કરવા જઇ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ઐશ્વર્યા રાય બચ્ચન સરબજીતની લાઇફ ઉપર બનનારી ફિલ્મમાં દલબીર કૌરની ભૂમિકા અદા કરનાર છે. ૬૧ વર્ષીય દલબીર કૌર પંજાબના ભીખીવિંડ વિસ્તારના ખેડૂત સરબજીતસિંહની બહેન છે. ભારત પાકિસ્તાનની સરહદ ઉપરથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે સ્થિતિ વિસ્તારમાં



આવેલા ભીખીવિંડના ખેડૂત સરબજીતની લાઇફ ઉપર હવે ફિલ્મ બનાવવામાં આવી રહી છે. ભીખીવિંડમાં સરબજીત ખેતી કરતો હતો. ૧૯૯૦માં તે જાણ વગર ભુલથી પાકિસ્તાનમાં ઘુસી ગયો હતો. ભારતીય જાસૂસ સમજીને તેને પકડી લેવમાં આવ્યો હતો અને ૧૯૯૧માં મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી પરંતુ તેને ફાંસી અપાઇ ન હતી. તે ૨૩ વર્ષ સુધી લાહોરમાં કોટલખપત જેલમાં રહ્યો હતો. ત્યારબાદ તેની જેલની અંદર જ કેદીઓ દ્વારા હત્યા કરી દેવામાં આવી હતી. ભારતમાં અફઝલ ગુરુને ફાંસી અપાયા બાદ થોડાક દિવસમાં જ તેની હત્યા કરવામાં આવી હતી. ૨૩ વર્ષ સુધી જેલના ગાળા દરમિયાન તેની બહેન દલબીરે પોતાના પુત્રની જેમ તેને સાચવીને તેના માટે લડત ચલાવી હતી અને પોતાની લાઇફનો એક જ એજન્ડા સરબજીતને મુક્ત કરવાનો બનાવી લીધો હતો. જો કે, તેને સફળતા હાથ લાગી ન હતી. હવે ફિલ્મ મારફતે તમામ બાબતો રજૂઆત કરવામાં આવનાર છે. ઉમંગકુમાર દ્વારા નિર્દેશિત ફિલ્મમાં ઐશ્વર્યા રાય બચ્ચન દલબીર કૌરની ભૂમિકા અદા કરશે.